મહેસૂલ વિભાગ
બ્લોક નં.૧૧, ૪થો માળ,
સચિવાલય, ગાંધીનગર
ફોન.નં.૦૭૯-૨૩૨-૫૧૫૩૦

કે.એમ.અધ્વર્યુ
સંયુક્ત સચિવ (સેવા)

તા. ૧૫-૧૦-૨૦૧૪

# અખબારી યાદી

## મહેસુલી તલાટીના પરીણામ અન્વયે પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ

ભરતી સમિતિ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર દ્વારા મહેસૂલી તલાટીની ૧૫૦૦ જગ્યાઓ ભરવા માટેની પરીક્ષા તા. ૧૬/૨/૨૦૧૪ ના રોજ લેવામાં આવી હતી, જેનું પરિણામ **ઓજસ** વેબસાઇટ http//ojas.guj.nic.in અને મહેસૂલ વિભાગની વેબસાઇટ http//revenuedepartment.gujarat.gov.in પર મૂકવામાં આવેલ છે. સદરહુ પરિણામ સાથે દરેક કેટેગરીની ભરવા પાત્ર જગ્યાઓના આશરે ૫ (પાંચ) ગણા ઉમેદવારોનું કામચલાઉ મેરીટ લીસ્ટ મૂકવામાં આવેલ છે. **આ કામચલાઉ મેરીટ લીસ્ટ પૈકીના તમામ કેટેગરીના ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી માટે** નીચે મુજબનો કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | તારીખ | યાદી પૈકીના મેરીટ ક્રમાંકના ઉમેદવારોએ ચકાસણી માટે આવવાનો સમય | |
|---|---|---|---|
| | | સવારે ૧૦.૦૦ કલાકે | બપોરે ૨.૦૦ કલાકે |
| (૧) | ૧૭/૧૦/૨૦૧૪ | ૧ થી ૭૦૦ | ૭૦૧ થી ૧૫૦૦ |
| (૨) | ૧૮/૧૦/૨૦૧૪ | ૧૫૦૧ થી ૨૨૦૦ | ૨૨૦૧ થી ૩૦૦૦ |
| (૩) | ૧૯/૧૦/૨૦૧૪ | ૩૦૦૧ થી ૩૮૦૦ | ૩૮૦૧ થી ૪૭૨૨ |
| (૪) | ૨૦/૧૦/૨૦૧૪ | ૪૭૨૩ થી ૫૭૦૦ | ૫૭૦૦ થી ૬૯૨૦ |
| (૫) | ૨૧/૧૦/૨૦૧૪ | ૬૯૨૭ થી ૨૦૦૦૦ | ૨૦૦૦૧ થી ૫૭૭૧૦ |

ઉમેદવારોએ ઉક્ત કાર્યક્રમ મુજબ તેઓના પ્રમાણપત્રોની ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો અને તેની નકલ સાથે **પી.ટી.સી. ભરતી કેન્દ્ર, પૂછપરછ કચેરી સામે, સેક્ટર-૧૯, ગાંધીનગર** ખાતે ઉપર દર્શાવેલ સમયે ઉપસ્થિત થવાનું રહેશે.

પ્રમાણપત્રોની ચકાસણી અર્થે બોલાવવાના કારણે ઉમેદવારોને નિમણૂકનો કોઇ હક્ક મળી જતો નથી. તેમજ **ઉમેદવારોએ પ્રમાણપત્રોની ચકાસણી માટે તેઓના સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી. વેબસાઇટ પર પાંચ ગણા ઉમેદવારોની નામ સાથેની કામચલાઉ મેરીટ યાદીના ઉમેદવારોએ જ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે આવવાનું છે.** ઉમેદવારે શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, શાળા છોડયાનું

પ્રમાણપત્ર, જ્ઞાતિનું માન્ય પ્રમાણપત્ર, **નાણાકીય વર્ષ-૨૦૧૨-૧૩ માટેનું તા.૧/૪/૧૩ થી તા.૩૦/૧/૧૪ દરમિયાન મેળવેલ ક્રિમીલેયર સર્ટિફીકેટ,** અપંગતાનું માન્ય પ્રમાણપત્ર, વિધવા હોવા અંગેનું માન્ય પ્રમાણપત્ર, રમતગમત અંગેનું માન્ય પ્રમાણપત્ર, માજી સૈનિક હોવા અંગેના ડીસ્ચાર્જ કાર્ડ સહિતના અસલ દસ્તાવેજો અને અન્ય પ્રમાણપત્રો, અને **જાહેરાતમાં દર્શાવ્યા મુજબના** સંબંધિત પ્રમાણપત્રો **અસલમાં** અને તેની સ્વયંપ્રમાણિત નકલ સાથે લાવવાની રહેશે.

**કે. એમ. અધ્વર્યુ,**
સંયુક્ત સચિવ અને સભ્ય સચિવ,
ભરતી સમિતિ, મહેસૂલ વિભાગ.